# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-12-2024** **Day: Tuesday** **Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ભારત અને શ્રીલંકા સમજૂતીનું આદાન પ્રદાન

ભારત અને શ્રીલંકાએ બેવડા કરવેરાથી બચવા અને આવકવેરાનાં સંદર્ભમાં રાજકોષીય ચોરી ટાળવા સમજૂતિનું આદાનપ્રદાન કર્યું હતું. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે વચ્ચેની મંત્રણા બાદ આ સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને પક્ષોએ શ્રીલંકાના સનદી અધિકારીઓની તાલીમ અને ક્ષમતા નિર્માણ અંગેનાં સમજૂતિપત્રોનું પણ આદાનપ્રદાન કર્યું હતું.

ગઈ કાલે ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવેલા શ્રી દિસાનાયકે આજે બિહારમાં બોધ ગયાની મુલાકાતે જશે.

-----------------------------------------------------------------------------------

## રાજ્યસભા બંધારણ પર ચર્ચા

રાજ્યસભામાં બંધારણના 75 વર્ષની ગૌરવ પૂર્ણ યાત્રા પર બે દિવસની ચર્ચાનો પ્રારંભ થયો છે. ચર્ચાની શરૂઆત કરતા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ભારતનું બંધારણ વિશ્વમાં શ્રેષ્ઠ બંધારણ છે. સુશ્રી સીતારમણે કોંગ્રેસ પર આક્ષેપ કર્યો કે તેણે પરિવાર અને વંશને મદદ કરવા માટે બંધારણમાં સૌથી વધુ સુધારા કર્યા છે. ચર્ચામાં ભાગ લેતા ગૃહમાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પર બંધારણનું અપમાન કરવાનો આરોપ મૂક્યો હતો.

બંધારણનાં ઐતિહાસિક મહત્વ અને રાષ્ટ્રનાં ઘડતરમાં તેની ભૂમિકા પર વિશેષ ચર્ચા આજે પણ ચાલુ રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી ટાસ્કફોર્સની રચના

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કૃત્રિમ બુદ્ધિમત્તા અંગેની ટાસ્કફોર્સની રચના કરી છે. તાજેતરમાં સોમનાથમાં યોજાયેલી ચિંતન શિબિરમાં ટાસ્ક ફોર્સ રચવા માટે નિર્ણય જાહેર કરાયો હતો.

રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્રસચિવ આ ટાસ્ફોર્સના અધ્યક્ષ તરીકે તેમજ સભ્યસચિવ તરીકે **ICT** અને ઈ-ગવર્નન્સના નાયબ નિયામક સેવાઓ આપશે. પ્રારંભિક તબક્કે એક વર્ષના સમયગાળા માટે રચાયેલા આ ટાસ્કફોર્સની વાર્ષિક સમીક્ષા કરાશે.

---------------------------------------------------------------------------------------------------

## અંદાજ સમિતિના સભ્યોની કચ્છ મુલાકાત

રાજ્ય વિધાનસભાની અંદાજ સમિતિના સભ્યો આગામી તા.૨૪ થી તા.૨૬ ડિસેમ્બર દરમિયાન શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગ અંતર્ગત કચ્છ જિલ્લાનો અભ્યાસ પ્રવાસ કરશે. અંદાજ સમિતિના સભ્યોના અભ્યાસ પ્રવાસ અંતર્ગત ગાંધીનગરથી કચ્છના ધોળાવીરા વિશ્વ ધરોહર સ્થળ અને મ્યુઝીયમની મુલાકાત કાળો ડુંગર, રોડ ટુ હેવન, દતાત્રેય મંદિર, ધોરડો ખાતે ટેન્ટ સિટીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ રાત્રિ રોકાણ, આ ઉપરાંત બીજા દિવસે સફેદ રણ ખાતે સૂર્યોદય, ત્યારબાદ પ્રવાસીઓના આશ્રય સ્થાનની મુલાકાત લઈને માતાના મઢ જવા રવાના થશે, તેમજ નારાયણ સરોવર અને કોટેશ્વરનો પ્રવાસ કરશે. આ ઉપરાંત જિલ્લા મથક ભુજ, અંજાર સહિતના સ્થળોએ મુલાકાત કરશે.

---------------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત 2017થી અત્યાર સુધી 21 હજાર વિદ્યાર્થીઓને તબીબી ક્ષેત્રે કારકીર્દી બનાવવા માટે 620 કરોડ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે.

રાજ્યની દિકરીઓને શ્રેષ્ઠ તબીબી શિક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ છ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થીનીઓને ધોરણ 12 પછી **MBBS** માં પ્રવેશ મેળવે છે, તેમને રાજ્ય સરકાર અભ્યાસ માટે 4 લાખ રૂપિયાની સહાય આપે છે.

---

## ટેકાના ભાવે ખરીદી અંગે સમીક્ષા બેઠક

કૃષિ મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ટેકાના ભાવે ચાલી રહેલી જણસોની ખરીદી અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી ટેકાના ભાવે થતી ખરીદીની વિગતો મેળવી હતી. તેમજ ધીમી ચાલી રહેલી મગફળીની ખરીદી બાબતે અધિકારીઓ સાથે કરી ચર્ચા-વિચારણા કરી હતી.

---

## અમિત શાહ : સલામતી જવાનો સાથે બેઠક

છત્તીસગઢની મુલાકાતના બીજા દિવસે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઇકાલે બસ્તરના વિભાગીય વડામથક જગદલપુરમાં શહીદ સલામતી જવાનોના પરિવારજનો સાથે મુલાકાત કરીને જણાવ્યું કે, શહીદ જવાનોના પરિવારજનોની સમસ્યા ઉકેલવા અને તેમને વળતર આપવા ભારત સરકારનાં ગૃહ, આદિવાસી બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રાલયો વિશેષ યોજના ઘડી કાઢશે. શ્રી શાહે જગદલપુરમાં અમર શહીદ વાટિકા ખાતે શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

---

## ઠંડી

કાશ્મીરી પવનોની પાંખે સવાર શિયાળાના ઠારની ધાર વધુ તીક્ષ્ણ બની છે. નલિયા ગઇકાલે પણ 7.8 ડિગ્રી સેલ્સિયસ સાથે સમગ્ર રાજ્યનું સૌથી ઠંડું સ્થળ બની રહ્યું હતું. સૂરજબારીથી માંડીને સરહદ સુધી સર્વત્ર છવાયેલા શીતસામ્રાજ્ય વચ્ચે કચ્છી જનજીવન ઠારથી ઠરઠરી ઊઠયું હતું. કંડલા હવાઇ મથક પર 10.5 ડિગ્રી સાથે ગળપાદર, વરસામેડી, અંજાર સહિત વિસ્તાર પણ ઠર્યું હતું. ભુજમાં 11.6 ડિગ્રી સાથે વર્તાયેલા ટાઢોડાંએ શહેરી જનજીવનને પ્રભાવીત કર્યા હતા.

---------------------------------------------------------------------------------

## ક્રિકેટ

બ્રિસ્બેનના ગાબા ખાતે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં, ગઇકાલે સવારે વરસાદના કારણે ત્રીજા દિવસની રમત અટકાવી દેવાઇ હતી.. ભીના મેદાનને કારણે અટકી ગયેલી રમત પહેલાં ભારતે ચાર વિકેટે 51 રન કર્યા હતા. કે એલ રાહુલ 33 અને કેપ્ટન રોહિત શર્મા શૂન્ય રને રમતમાં છે.

અગાઉ ઓસ્ટ્રેલિયાની ટીમ પ્રથમ ઇનિંગમાં 445 રન બનાવીને ઓલઆઉટ થઇ ગઇ હતી.

---------------------------------------------------------------------------------